# ભારતના બંધારણની રચના વિશે રસપ્રદ ટીવી સિરીયલ

- અરુણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્ય સભા)

20 ફેબ્રુઆરી, 2014ના રોજ રાજ્યસભામાંથી નિવૃત્ત થતાં સભ્યો માટે એક ઔપચારિક વિદાય સમારોહ યોજવામાં આવ્યો. તે સમારંભની વિશેષતા એ હતી તેમાં ભારતના બંધારણના નિર્માણ પર 'સંવિધાન' શીર્ષક હેઠળ નવી બનેલી ટીવી સિરીયલ રજૂ થઈ હતી. આ સીરીયલનું નિર્માણ રાજ્ય સભા ટીવી માટે કરવામાં આવ્યું છે અને રાજ્ય સભા સચિવાલય દ્વારા તેને પીઠબળ પૂરૂં પાડવામાં આવ્યું છે.

આ સીરીયલનું દિગ્દર્શન ભારતના સૌથી ઉત્કૃષ્ટ ફિલ્મ સર્જકોમાંના એક એવા શ્યામ બેનેગલે કર્યું છે. શ્યામ બેનેગલે પોતે પણ રાજ્ય સભા માં છ વર્ષ માટે નિયુક્ત સભ્ય તરીકે સેવા આપી હતી. તેમણે સિનેમા અને થિયેટર બંનેના જાણીતા અભિનેતાઓ સાથે કામ કર્યું છે. શરૂઆતમાં તે રાજ્ય સભા ટીવી પર પ્રસારીત કરવામાં આવશે કે જે દસ ભાગની સીરીયલ હશે. દરેક એપિસોડનો સમય એક કલાકનો રહેશે. સીરીયલ રેકોર્ડિંગ દરમિયાન સંસદના સેન્ટ્રલ હોલની પ્રતિકૃતિ મુંબઇ ખાતેના એક સ્ટુડિયોમાં બનાવવામાં આવી હતી . આ પ્રતિકૃતિ આબેહુબ સેન્ટ્રલ હોલ જેવી જ દેખાય છે. તેમાં રાચરચીલું, ફોટો ફ્રેમ, મંચ, સેન્ટ્રલ હોલ ઓરિજીનલ જેવા જ બનાવવામાં આવ્યા છે. સિરીયલમાં ડૉ રાજેન્દ્ર પ્રસાદ, પ્રમુખ મુસદ્દા લેખન સમિતિ ચેરમેન ડો બાબાસાહેબ આંબેડકર, જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, મોહમ્મદ અલી ઝીણા, ગોવિંદ વલ્લભ પંત, રાજકુમારી અમૃત કૌર, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, એન ગોપાલસ્વામી આયંગર વગેરેને ચર્ચા કરતા દર્શાવવામાં આવ્યા છે.

રાજ્યસભામાં તે સીરીયલના એક એપિસોડની ઝલક જોવા મળી. હવે તેનું પ્રસારણ ક્યારે થાય તે જોવા માટે હું આતુરતાપૂર્વ રાહ જોઉં છું. તે સ્ક્રીન પર ભારતના બંધારણની સૌથી રસપ્રદ વાર્તા બની રહેશે એમાં કોઈ શંકા નથી. ઇતિહાસને પુસ્તકોમાંના જ્ઞાન કરતાં સ્ક્રીન પર રજૂ કરવાનું સરળ છે. રાજ્ય સભા સીરીયલના સમગ્ર ખર્ચને અંદાજપત્રમાં દર્શાવવામાં આવ્યો હતો અને આ બાબતે કોઈ નફો રળવાનો હેતુ નથી. રાજ્ય સભા ટીવી પર પ્રારંભિક પ્રસારણ પછી તમામ અન્ય માધ્યમોમાં પણ તેને રજૂ કરાશે. હમણા તે દુરદર્શન પર રજૂ થશે. તે વિષયમાં જેમને રસ હોય તેઓએ આ સીરીયલ જોવી જ રહી. ખાસ કરીને તમામ ચૂંટાયેલા રાજકીય પ્રતિનિધિઓ, રાજકીય કાર્યકરો , મીડિયાકર્મીઓ, વિદ્વાનો અને વિદ્યાર્થીઓએ જરૂર આ શ્રેણી જોવા જેવી છે. સમગ્ર વિશ્વમાં લોકો તેને જોઈ શકે તેના માટે તે યુ ટ્યૂબ પર ઉપલબ્ધ કરવી જોઈએ.

એક ખાનગી ન્યૂઝ ચેનલ પર સીરીયલ 'પ્રધાન મંત્રી'ના એપિસોડ રજૂ થવાના છે.

ઇતિહાસની રજૂઆત માટે ડિજિટલ માધ્યમ શિક્ષણ તરીકે સેવા આપી શકે. 'પ્રધાન મંત્રી' અને 'સંવિધાન'ની ગુણવત્તા પ્રેક્ષકોને આકર્ષે એવી છે. આશા છે કે તે ભારતની હિસ્ટ્રી ચેનલની શરૂઆત બની શકે છે.